S.M.C.P.No.3493(1)-5000-9-17

# સુરત મહાનગરપાલિકા
# મંછરપુરા સ્પોર્ટસ કોમ્પલેક્ષ(સેન્ટ્રલ ઝોન)
## પ્ર વે શ પ ત્ર

ગેઈમ્સનું નામ :– (૧) કેરમ, ટેબલ–ટેનિસ, ચેસ
(૨) બેડમીન્ટન
(૩) પુલ / બિલીયર્ડ

કમિશ્નરશ્રી,
સુરત મહાનગરપાલિકા,
સુરત.

સવિનય મેં/અમે સ્પોર્ટસ કોમ્પલેક્ષ સેન્ટ્રલ ઝોન અંગેના મહાનગરપાલિકાના નકકી કરેલા નિયમો અને શરતો વાંચ્યા છે અને તેનું પાલન કરવા હું બંધાઉ છું. / અમે બંધાઈએ છીએ. આ અંગેની માહિતી નીચે મુજબ છે.

(૧) અરજદાર વ્યકિત / સંસ્થાનું નામ,સરનામું, ફોન નંબર :–

(૨) સંસ્થા / ઘરના જવાબદાર વ્યકિતનું નામ (હોદ્દો) અને સરનામું, ફોન નંબર :–

(૩) અરજદાર વ્યકિતની ઉંમર અને જન્મ તારીખ :–

(૪) અરજદાર ૧૮ (અઢાર) વર્ષની નીચે હોય તો તેના પિતા અગર વાલીનું નામ અને સરનામું, ફોન નંબર :–

(૫) અરજદાર ૧૮ વર્ષની ઉંમરથી નીચે હોય તો તેના પિતા અથવા વાલીની સહી :–

અરજદારની સહી

(દરેક રમત માટે અલગ પ્રવેશ પત્ર ભરવાનું રહેશે)

---

અરજી તપાસી છે. સ્પોર્ટસ કોમ્પલેક્ષમાં દાખલ થવા અરજદાર લાયકાત ધરાવે છે.

**સ્પોર્ટસ ઈન્ચાર્જ**

સ્પોર્ટસ કોમ્પલેક્ષમાં તા. / /૨૦૧૭ ના રોજ થી.......................બેચમાં દાખલ કરો.

**સ્પોર્ટસ ઓફીસર/મેનેજર**

ફોર્મ વેબસાઈટ www.suratmunicipal.gov.in મારફત ડાઉનલોડ કરેલ હોય ફ્રી છે.

The form is free as it is downloaded from www.suratmunicipal.gov.in

## – : સામાન્ય નિયમો :–

૧. ખેલાડીએ પોતાના રમતના સાધનો લઈને રમવા આવવાનું રહેશે. તથા રમત પુરી થયા બાદ તે સાધનો પરત લઈ જવાના રહેશે.
૨. ખેલાડીએ નિયત ટ્રેકસુટ / સ્પોર્ટસ ડ્રેસ પહેરીને આવવાનું રહેશે.
૩. રમતની પ્રેકટીસ દરમ્યાન ખેલાડીઓને સ્પોર્ટસ કોમ્પલેક્ષ ઓથોરીટી તરફથી જે ટોયલેટ બ્લોકનો ઉપયોગ કરવા જણાવવામાં આવે તેનો જ તેમણે ઉપયોગ કરવાનો રહેશે.
૪. રમત માટેનો જે તે સમય / બેચ નકકી થયો હોય તે સમયે જ ખેલાડીએ પ્રેકટીશ કરવા આવવાનું રહેશે. વધારાના સમયનો આગ્રહ રાખવો નહી.
૫. સ્પોર્ટસ કોમ્પલેક્ષમાં પ્રેકટીસ કરવા આવનાર ખેલાડીએ સંસ્થાના ઓળખપત્ર સાથે આવવાનું રહેશે. ઓળખપત્ર વિના સ્પોર્ટસ કોમ્પલેક્ષમાં પ્રવેશ આપવામાં આવશે નહિ. તેમજ ઓથોરીટી જયારે પણ માંગે ત્યારે બતાવવાનું રહેશે.
૬. રમતની પ્રેકટીસ માટે આવતાં ખેલાડી / કોચ વિગેરેને સ્પોર્ટસ કોમ્પલેક્ષના અન્ય ભાગોમાં જવાની સખત મનાઈ છે, જેનો ભંગ થયેથી ઉપસ્થિત થનાર સઘળી પરિસ્થિતિની જવાબદારી જે તે ખેલાડી/ કોચની રહેશે.
૭. જે તે સંસ્થા/ એસોસીએશને પોતાના ખેલાડીઓની સાથે પોતાના કોચને પણ ફરજીયાત મોકલવાના રહેશે.
૮. સ્પોર્ટસ કોમ્પલેક્ષના સમગ્ર પરિસરમાં કોઈપણ પ્રકારના જવલનશીલ પદાર્થો સાથે લાવવા નહીં.
૯. સ્પોર્ટસ કોમ્પલેક્ષમાં ખાણીપીણીની કોઈ ચીજ વસ્તુઓ લાવવી નહિ.
૧૦. ખેલાડીઓએ દરરોજ એન્ટ્રી રજીસ્ટરમાં સૂચના મુજબ એન્ટ્રી કરવાની રહેશે.
૧૧. ખેલાડીઓએ સ્પોર્ટસ કોમ્પલેક્ષમાં શાંતી જાળવવી, અપશબ્દો બોલવા નહિ, તેમજ વાદ વિવાદ કે અસભ્ય વર્તન કરવું નહીં.
૧૨. પાન મસાલા, માવો, ધ્રુમપાન કે અન્ય કેફી પીણાં કે કેફી દ્રવ્યો સ્પોર્ટસ કોમ્પલેક્ષમાં લાવવાની / વાપરવાની મનાઈ છે.
૧૩. દરેક ખેલાડીએ પોતાના કોચ પાસેથી રમત અંગેની પૂરતી સમજ તથા માહિતી મેળવી લીધા બાદ જ રમતની શરૂઆત કરવાની રહેશે.
૧૪. ફોર્મ ભરવાની સાથે ડોકટરનું ફીટનેસ સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે.
૧૫. રમતના દરેક સાધનોનો સલામતીની દષ્ટિએ ચકાસણી કર્યા બાદ જ ઉપયોગ કરવો.
૧૬. ખેલાડીઓ જો કિંમતી ચીજવસ્તુઓ સાથે લાવશે તો તે સાચવવાની જવાબદારી જે તે ખેલાડીની રહેશે. ખેલાડીઓનો કિમતી સામાન ચોરાઈ જાય/ ગુમ થાય તે માટે મહાનગરપાલિકા જવાબદાર રહેશે નહિ.
૧૭. પ્રેકટીસ દરમ્યાન ખેલાડીને કોઈપણ પ્રકારની ઈજા માટે સુરત મહાનગરપાલિકા જવાબદાર રહેશે નહીં.
૧૮. ખેલાડીઓ માટે વ્યકિતગત કે ટેલીફોનથી જાણ કરવામાં આવશે નહીં. તેથી ખેલાડીઓએ નિયમિત સ્પોર્ટસ કોમ્પલેક્ષ ઓથોરીટીના સંપર્કમાં રહેવું.
૧૯. રીપેરીંગ/ મેઈન્ટેનન્સ અથવા અન્ય કારણોસર સ્પોર્ટસ કોમ્પલેક્ષમાં રમતની પ્રેકટીસ બંધ રાખવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે.
૨૦. પોતાની સાથે મહેમાનને લાવવા માંગતા હોય તેવા ખેલાડીએ આ બાબતે સ્પોર્ટસ કોમ્પલેક્ષ ઓથોરીટીની પરવાનગી લેવાની રહેશે.
૨૧. ઉપરોકત નીતિ નિયમોનું દરેક ખેલાડીઓએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જેનું ઉલ્લંઘન કરનાર ખેલાડી સામે સ્પોર્ટસ કોમ્પલેક્ષ ધ્વારા કડક કાર્યવાહી કરી કોઈપણ કારણ આપ્યા વિના સ્પોર્ટસ કોમ્પલેક્ષમાં પ્રવેશ અટકાવી શકાશે.
૨૨. જે કિસ્સામાં સ્પોર્ટસ કોમ્પલેક્ષ સુરત મહાનગરપાલિકાએ અન્ય કાર્યક્રમ માટે બુક કરેલ હશે તેસંજોગોમાં તથા તેની તૈયારીના દિવસોમાં આવા ખેલાડીઓ સ્પોર્ટસ કોમ્પલેક્ષનો ઉપયોગ કરી શકશે નહીં.
૨૩. ઉપરોકત નિયમોના અર્થઘટનમાં કોઈ વિવાદ ઉભા થાય તો આ બાબતમાં મ્યુ.કમિશનરશ્રીનો નિર્ણય છેવટનો નિર્ણય ગણાશે જેનું તેઓએ પાલન કરવાનું રહેશે.

### પત્રક–'અ'
### ગેઈમ્સની ફી નું ધોરણ

| અ.નં. | ગેઈમ્સનું નામ | ૬ માસિક રૂા. | વાર્ષિક રૂા. |
|---|---|---|---|
| ૧ | કેરમ, ટેબલ –ટેનીસ, ચેસ | ૧૧૦૦ | ૨૦૦૦ |
| ૨ | બેડમીન્ટન | ૧૩૫૦ | ૨૪૦૦ |
| ૩ | પૂલ / બિલીયર્ડ | ૨૨૦૦ | ૩૮૫૦ |
| ૪ | લોકર ફી | ૫૫૦.૦૦ (ફકત જીમ્નેશીયમ માટે) | |

ફોર્મ વેબસાઈટ www.suratmunicipal.gov.in મારફત ડાઉનલોડ કરેલ હોય ફ્રી છે.

The form is free as it is downloaded from www.suratmunicipal.gov.in